# ગુજરાતી ભજનોમાં આધુનિક બીટ્સનો જાદુ: સુરતી યુવાનનો નવો પ્રયોગ

CREATIVE માઈન્ડ્સ

**બોલિવુડના હિન્દી ફિલ્મી ગીતોમાં રેપ મ્યુઝીક (rap)નું ઘણું ચલણ જોવા મળે છે. આજકાલ તો હિન્દી ભજનોમાં પણ તેનો મોટાપાયે ઉપયોગ થઈ રહ્યે છે. જોકે, અત્યાર સુધી ગુજરાતી ભજનોમાં રેપનો ઉપયોગ નહીં થયો હતો. આ બીડું સુરતના જીગર જોશી અને તેમની ટીમે ઝડપી લઈ 5 ગીતોમાં 40 સેકન્ડનો રેપ મૂકી 5 મિનિટનો ઓડિયો બનાવવાનો સફળ પ્રયોગ કર્યો છે. સિંગર જીગર જોશીએ ગુજરાતી ભજનોમાં અલગ રિધમ પીરસીને ગુજરાતી ભજન-ગીતોને મોર્ડન ટચ આપવાનો પ્રયાસ કર્યો છે. તેનો આઈડિયા તેમને કઈ રીતે આવ્યો? તેમને આ મ્યુઝીક ઓડિયો કયા કયા પ્લેટફોર્મ પર રિલીઝ કર્યો છે, આ અલગ રિધમનો ઓડિયો રિલીઝ કર્યા બાદ તેમણે Gen-Z કે જે અત્યારે ભજન કલબિંગ, ભજન જામીંગ તરફ વળી છે તેમના સહિતના સુરતીઓ અને અન્ય લોકો તરફથી કેવો પ્રતિસાદ મળી રહ્યે છે, એમના આ અનોખા પ્રયોગ વિશે જાણીએ...**

## ઓડિયન્સને કાંઈક નવું આપવા રેપ મ્યુઝીક મૂક્યું

કૃષ્ણ ભક્તિના અને ભજનોના ગીતોનો ઓડિયો બનાવનાર ગાયક જીગર જોશીએ જણાવ્યું કે, કૃષ્ણ રંગ નામનો 5 ગીતોનો જે ઓડિયો બનાવાયો છે તેનો પર્પઝ અત્યારના Gen-Z જે ભજન કલબિંગ અને ભજન જામીંગના માધ્યમથી કૃષ્ણ ભક્તિ કરી રહ્યા છે, તેમને ભજનોમાં કાંઈક નવું આપવા તેમાં 40 સેકંડનો નવા રિધમ (રેપ ) મુકી મોડર્ન ટચ આપવાનો વિચાર મને આવ્યો હતો. તેમાં મને મિત્રોનો સાથ મળ્યો.






## 100થી વધુ ઓડિયો પ્લેટફોર્મ પર ઓડિયો રિલીઝ થયો

સુરતના યુવાઓએ ભજન ગીતોમાં મોર્ડન રેપ મ્યુઝિકનો કન્સેપ્ટ મૂકીને બનાવેલો ઓડિયો ઈન્સ્ટાગ્રામ, યુ-ટ્યૂબ, સ્પોટિફાય, એપલ મ્યુઝીક, એમેઝોન મ્યુઝીક, જિયો સાવન વિ. જેવા પ્લેટફોર્મ પર રિલીઝ કરવામાં આવ્યો છે. આ અલગ રિધમના ગીતો પરથી ડાન્સર અને કોરિયોગ્રાફર નવા નવા ડાન્સ સ્ટેપ્સ બનાવી શકશે અને પોતાના સ્ટુડન્ટ્સ તથા સુરતના ખેલૈયાઓ સુધી એ સ્ટેપ્સ પહોંચાડી શકે એ માટે આ ટ્રેક ઉપયોગી થઈ શકશે તેવો આશાવાદ સેવવામાં આવી રહ્યો છે. ગરબા અને ડાયરામાં છેલ્લાં કેટલાંક સમયથી સરકારી મ્યુઝીક પ્રચલિત છે તો એને પણ આ ટ્રેકમાં અલગ રીતે પ્રસ્તુત કરવાનો પ્રયોગ કરાયો છે.

## આ 5 ગીતોનો બન્યો ઓડિયો

આ ઓડિયોમાં સમાવેશ કરવામાં આવેલા ગીતોમાં દ્વારિકા નો નાથ મારો, કૃષ્ણ ભગવાન હાલ્યા, કાનુડા મોરલીવાળા રે, તારી લાલ લાલ પાઘડીએ, કાન રસિયો રૂપાળો રંગરેલીયો આ ગીતો છે.





## સુરતના આ યુવાઓનો સાથ

સિંગર જીગર જોશીના કહેવા મુજબ આ 5 ગીતોનો ઓડિયો બે દિવસ પહેલાં જ લોન્ચ કરવામાં આવ્યો છે. ગુજરાતીમાં કૃષ્ણ ભક્તિના ગીતોમાં જે રેપ ઇન્ટ્રોડ્યુસ કર્યું છે તે સુરતના ચેતન પરમારે લખ્યું અને ગાયું છે. જીગર જોશી મુખ્ય સિંગર છે. આખું પ્રોગ્રામિંગ સુરતના જ સ્વપ્નિલ નાંગીએ કર્યું છે. આ કૃષ્ણ રંગ ઓડિયોનું પોસ્ટર પૂજા સિકલીગરે તૈયાર કર્યું છે.




---

મેરી સુરત ટેઢી આંખે

ગજેન્દ્ર મજીઠિયા

**'સુરત' - રંગરંગીલું, મનમોજીલું, સદા ધબકતું આપણું આ શહેર; સૌને અપનાવતું, સૌને આવકારતું અને સૌને સુરતી બનાવી દેતા આ શહેરને કોઈ વળી રાજ્યનું આર્થિક પાટનગર કહે, તો કોઇ એને તેની ખાણી-પીણી માટે જાણે, કોઈ તેને દેશના સૌથી સ્વચ્છ શહેર તરીકે ઓળખે, તો કોઈ તેની પચરંગી પ્રજાને કારણે મિનિ - ભારત તરીકે સંબોધે. આપણા આ માનીતા શહેરના અનેક, વિવિધ રૂપો આપણે જોઈએ છીએ, જાણીએ છીએ; તેની જીવનશૈલી જીવીએ છીએ, માણીએ છીએ. તો અહીં 'સિટીપલ્સ'માં શરૂ થતાં આ વિભાગમાં આપણાં જાણીતા આ જ સુરત શહેરને એક અલગ દ્રષ્ટીએ બતાવવા પ્રયાસ કરીશું. સુરતના સિદ્ધહસ્ત કલાકાર અને કાર્ટૂનિસ્ટ ગજેન્દ્ર મજીઠિયા તેમની વિશિષ્ટ શૈલીમાં સુરતના તથા તેની રોજિંદી જીવનશૈલીના આગવા પાસાંને તેમની ખટમિઠ્ઠી સાથે થોડી તિક્ષ્ણ નજરે પ્રસ્તુત કરશે. ચિત્રમાં ક્યારેક થોડું રમુજ જણાશે, તો ક્યારેક થોડું વ્યંગ જણાશે. હા, પણ સુરતીપણું હંમેશાં છલકાશે!..**




## એકને મારશો તો હજારો નીકળીશું, કોકરોચ છીએ અમે, લેવા ન્યાય અમે પ્રદર્શનો તો કરીશું...

ના થવા જોઈએ પેપર લીક અને ના થવો જોઈએ અન્યાય નોકરીઓમાં, ભલે કહો અમને કોકરોચ, કરીશું અનેક વિરોધ પ્રદર્શન અને નહીં આવે અમને સ્હેજેય ખરોચ... નથી અમારે સરકારને ઉથલાવવી કે નથી અમારે સરકારમાં બેસવું, પણ જે જવાબદાર છે લીક પેપરમાં તેને અમે ગાદીએથી ઉઠાડીશું... મોકલી પોલીસને અમને પકડી લેશો એક જગ્યાએથી પણ અમે કોકરોચની જેમ બીજી જગ્યાએ ફૂટી નીકળશું... કેમ કરી શકતા નથી પેપર લીક ના થાય તેવી વ્યવસ્થા, અમારી આ જ એક છે મોટી વ્યથા... પેપર લીક કરાવીને માલેતુજાર મેળવી લે છે પ્રવેશ અને અમારે ફરી લેવો પડે છે બેરોજગારીનો જ વેશ...

---

**સુરતમાં આજે ઘોઘારાણા કોણ એવું પૂછીએ તો કોઈને બહુ અંદાજો નથી. પણ બંદર મુબારક તરીકે ઓળખાતા સુરતની સંસ્કૃતિનો વર્ષો સુધી કોઈ ભાગ રહ્યું હોય તો તે હતા ઘોઘારાણા... આજે જેમ કૃષ્ણ અને ગણપતિની મૂર્તિ લાવવાનો તેને શણગારવાનો ઉત્સાહ સુરતીઓમાં જોવા મળે છે એવો જ ઉત્સાહ ઘોઘારાણાની માટીની મૂર્તિ બનાવવાનો રહેતો હતો. પાકું મંદિર બંધાતા ઘોઘારાણા અને તેમના માનેલા બહેન ગોરબાઈ માતા સુરતીઓની યાદોમાં જ રહી ગયા. તો આવો આજે એ જ દંતકથાઓને ફરી યાદ કરીએ...**

# ઘોઘારાણા અને ગોરબાઈ માતા: તળ સુરતની ભૂલાયેલી દંતકથા


ઘોઘારાણા મહારાજ


ગોરબાઈ માતા

વિસરાયેલો વારસો

તાપી તટે ભીંજાયેલો ભૂતકાળ

વિમ્મી વિષ્ણુ ચેવલી

ગોપીપરામાં મોટી છીપવાડ વિસ્તાર આવેલો છે. આ છીપવાડમાં છીપાઓની વસ્તી હતી. આ છીપાઓ એટલે કપડાં ઉપર રંગની તરેહ છાપનારા લોકો. તે લોકો જુદી જુદી જાતના દેશી રંગ બનાવી તરેહવાર તરેહો છાપી છીંટ, સાલ્લા, ખોળિયા વગેરે તૈયાર કરવાનો ધંધો કરે છે. ગુજરાતમાં ભરૂચ અને સુરતમાં છીપાઓની વસ્તી વધારે છે. આ છીપવાડમાં "ઘોઘારાણાની શેરી" આવેલી છે. સ્થાનિક દંતકથા મુજબ ઘોઘાનાં રાણા એ ભાવનગરના ગોહિલવંશીય રાજા મોખડાજી ગોહિલ હતા. આ ઘોઘારાણાનો સુરત સાથે પણ અનોખો નાતો છે. આજે પણ સુરતનાં છીપાઓ, ખારવાઓ અને રાણા કોમ દ્વારા આ ઘોઘારાણાની પૂજા થાય છે, જેમનું મંદિર ગોપીપરા છીપવાડ વિસ્તારમાં આવેલું છે.

પહેલાનાં વખતમાં જુલાઈ-ઓગસ્ટનાં મહિનાઓમાં માટીનાં ઘોઘારાણા બનાવીને તેને શણગારવામાં આવતા હતા. તેમાં પણ એ મૂર્તિને શણગારવાવાળા કસબીઓ સુરતમાં હતા, જેઓ સુંદર રીતે એ માટીની મૂર્તિનો શણગાર કરી જાણતા. એ લત્તામાં નાની છીપવાડમાં ડગરુ ભગવાન નામે મિસ્ત્રી કારીગર હતો. તેને મૂર્તિઓ બનાવવાની કલાની સારી ફાવટ હતી. તેણે જ માટીની દર વર્ષે બનાવવી પડતી ઘોઘારાણાની મૂર્તિને બદલે અત્યારની મોટી મૂર્તિ બનાવી આપેલી. ઘોઘારાણાની મોટી મૂર્તિ થઈ પછી વર્ષો સુધી ખુલ્લી રહી પછી મોટી છીપવાડથી એક છીપાભાઈએ સુધરાઈમાંથી પરવાનગી મેળવી એક મંદિર ઊભું કર્યું. આ ઘોઘારાણા એ જ મોખડાજી ગોહિલ... ગુજરાતના ઘણા ગામોમાં તેમનાં પાળિયા આવેલા છે અને તેઓ મોખડાજીદાદા અને પીરમના પીર તરીકે આજે પણ પૂજાય છે.

**ગોરબાઈમાનું મંદિર સુરતનું એકમાત્ર એવું મંદિર છે કે જેની પૂજા સેવા કોઈ બ્રાહ્મણો દ્વારા નહિ પણ જે કુટુંબની આ દીકરી ગોરબાઈ માતા હતા તેના વંશજો કે જેઓ ખત્રી છે તેમના દ્વારા કરવામાં આવે છે**

મોખડાજીના વડવાઓ એટલે કે ગોહિલો પહેલાં મારવાડમાં વસતા હતા. સેજકજીનાં મોટા પુત્ર રણજીના પુત્ર એટલે મોખડાજી. તેઓ ભારે પરાક્રમી હતા. તેમણે ગોહિલોની સત્તા વધારી અને ઉમરાળા, ઘોઘા અને ને પીરમ બેટ જીતી લીધા. ખંભાતના અખાતમાં ઘોઘાથી ચાર માઈલ દૂર પીરમનો બેટ આવેલો છે, જે તેમનું સ્થાનક મનાય છે.

ઘોઘામાં મહંમદ તઘલક સાથે મોખડાજીદાદા યુદ્ધ કરતા હતા ત્યારનો પ્રસંગ ચારણો દ્વારા વર્ણવતા કહેવામાં આવ્યું છે કે, "મોખડાજીનું માથું 'મારો મારો' બોલ્યા કરતું હતું અને ધડ તલવાર લઈ લડ્યા કરતું હતું. ધડે ઘણો સંહાર કર્યો પછી છેવટે ગળીનો દોરો આડો નાંખવામાં આવ્યો ત્યારે જ ધડ પડ્યું.' આ એક ચારણી કલ્પના છે. પણ સુરતના બાળકો અસલના વખતમાં ઘોઘારાણાનું ડોકું ગોઠવતા તેમાં રહેલું રહસ્ય આ કથામાં મળી આવે છે.

મોખડાજીનું નામ પીરમના ટાપુ સાથે ગુજરાતની રોમાંચક કથામાં હંમેશને માટે અમર થઈ ગયું. ગુણવંતરાય આચાર્યે મોખડાજી ગોહિલની શૌર્યગાથા કહેતી એક ખૂબ સુંદર નવલકથા પણ લખી છે.

મોખડાજીનાં નામે સૂરતમાં એક દંતકથા પણ પ્રવર્તે છે. મોખડાજીદાદાના મૃત્યુ બાદ સુરતના ડક્કામાં એક ડૂબતા વહાણને બચાવતા તેઓ દ્રશ્યમાન થયા હતા. હાથમાં નગ્ન તલવાર લઈને પોતાના સેવકનાં વહાણને બચાવવા દોડાદોડ કરતા કેપ્ટન હંફ્રીએ પણ તેમને નીહાળ્યા હતા. આ પછી સુરતીઓની ખાસ કરીને ખારવાઓ અને રાણાઓની શ્રધ્ધા તેમના પર વધી ગઈ હતી. અને જે રીતે તેઓ વહાણનાં સંથા પર બેઠેલા દેખાયેલા એ સ્થિતિમાં ગોપીપરામાં આવેલા મંદિરમાં ઘોઘારાણાની પ્રતિમા ઘડવામાં આવી છે.

ઘોઘારાણાનાં મંદિર સાથે એ જ શેરીમાં આવેલા ગોરબાઈ માતાના મંદિરની પણ કથા જોડાયેલી છે. પહેલાનાં વખતમાં જ્યાં ઘોઘરાણાનું મંદિર હતું ત્યાં વાવ હતી. એ વાવમાં એક કુંવારી કન્યા કપડાં ધોતી હતી. એ જ વખતે વિધર્મીઓનું ટોળું 'મારો.. કાપો..'નાં અવાજ કરતું ધસી આવ્યું. પેલી કન્યાએ ગભરાઈને વાવમાં પડતું મૂક્યું. સામે જ ઘોઘારાણાનો પડાવ હતો. એ લોકો દોડતા આવ્યા અને વિધર્મીઓને ભગાડ્યા. વાવમાં શોધ કરી પણ પેલી કન્યા ન મળી. બીજે દિવસે તેમના વડીલોને રાત્રે સ્વપ્ન આવ્યું કે, "વાવમાં કમળના ફૂલ સ્વરૂપે મારું અસ્તિત્વ છે." એ કમળનું ફૂલ વડીલોએ ઘરમાં હાથસાળ વણતા હતા ત્યાં લાવીને મૂક્યું. આ કન્યાનું નામ 'ગોરબાઈ મા'. ઘણા એવું માને છે કે તે ઘોઘારાણાનાં માનેલા બહેન હતા. ગોરબાઈમાનું મંદિર સુરતનું એકમાત્ર એવું મંદિર છે કે જેની પૂજા સેવા કોઈ બ્રાહ્મણો દ્વારા નહિ પણ જે કુટુંબની આ દીકરી ગોરબાઈ માતા હતા તેના વંશજો કે જેઓ ખત્રી છે તેમના દ્વારા કરવામાં આવે છે.

સુરતની ખૂબસુરત કથાઓમાં આજે ઘોઘારાણા અને ગોરબાઈમાનું નામ ફક્ત તળ સુરતના લોકો જ જાણે છે, પણ એક જમાનામાં તેમનો ઈતિહાસ અને તેમની દંતકથાઓ આખાં સુરતની જીભે હતી. જય ઘોઘારાણા! જય ગોરબાઈ મા!..

વારસાની વરિયાળી

**ગુજરાતમાં આજે પણ એવી પરંપરા છે કે મોખડાજીદાદાના પાળિયે અફીણની ગોળી મૂકવામાં આવે છે અને પીરમથી આગળ જતાં ગુજરાતના ખારવાઓ મોખડાજીદાદાના નામે થોડું ખાવાનું આજે પણ સમુદ્રમાં નાંખે છે.**

---

# સ્ટાઈલિશ પાયલનો નવો ટ્રેન્ડ, દરેક લૂકમાં ઉમેરે ચાર ચાંદ

LifeStyle Trends

હવે શ્રાવણ માસની શરૂઆત થતા ફેસ્ટિવલ્સની સિઝન પુરબહાર ખીલી ઉઠશે. તહેવારમાં સ્ત્રીઓને શૃંગાર કરવો ખૂબ ગમે છે. દર વર્ષે ફેશનમાં કાંઈક નવું ઝંખતી હવેની યુવતીઓ પગની સુંદરતા વધારવા અવનવી ડિઝાઈનની પાયલ પહેરવાનું પસંદ કરે છે. અત્યારે પર્લ અને ફ્લોરલ ચાર્મ પાયલ ઘણી ટ્રેન્ડમાં છે. આવી પાયલ કેમ ટ્રેન્ડી બની છે? તેના વિશે ચાલો જાણીએ....



## ફ્લોરલ ચાર્મ પાયલમાં ફૂલોની ડિઝાઇન અને લટકણ હોય છે

ફ્લોરલ ચાર્મ પાયલ આજકાલ ફેશનમાં ઘણી ટ્રેન્ડ કરી રહી છે. પીકોક ડિઝાઇનની ફ્લોરલ ચાર્મ પાયલ દેખાવે વધારે આકર્ષક હોય છે અને ઘરની દીકરીઓ તથા સહેલીઓને ગિફ્ટ કરવા માટે વધારે પસંદ કરવામાં આવી રહી છે. ઓછા વજનની આ પાયલ રોજે રોજ પહેરી શકાય છે. આ પાયલ સાડી, સલવાર સૂટ અને ઇન્ડો વેસ્ટર્ન ડ્રેસિસ સાથે ખૂબસૂરત લાગે છે.



## હેવી ડિઝાઇન એન્કલેટ બ્રાઇડલ લુક માટે બહુ લોકપ્રિય છે

આ પાયલનું વજન 150 ગ્રામથી લઈને 500 ગ્રામ સુધી હોય છે. આવી પાયલમાં રોયલ લુક જોઈતો હોય તો તેને કસ્ટમાઇઝ્ડ પણ કરાવી શકાય છે. આવી હેવી પાયલમાં રેડ, ગ્રીન અને બ્લુ કલરની મીનાકારી અને કુંદન જડેલા હોય છે. આજકાલ પગને સંપૂર્ણ રીતે કવર કરવાવાળી પહોળી અને જાળીદાર ડિઝાઇન ઘણી ટ્રેન્ડમાં છે.આમાં બે ત્રણ લેયરની ચેન જોડાયેલી હોય છે. જે પગના ઉપરના ભાગને રોયલ લુક આપે છે.





## સફેદ મોતીની પાયલ સુંદરતા અને પરંપરાનું મિશ્રણ

આવી પાયલ હેવી અને વજનમાં હલ્કી ડિઝાઇનમાં હોય છે. જે ટ્રેડિશનલ સાડીથી લઈને વેસ્ટર્ન ડ્રેસની સાથે ખૂબ સારી લાગે છે. આ પગને આકર્ષક અને નાજુક લુક આ પે છે. મોતીને ચાંદી, ગોલ્ડ પ્લેટેડ અથવા વ્હાઇટ મેટલ ચેનની સાથે ગૂંથવામાં આવે છે. આમાં નાના મોતીઓની સ્ટ્રિંગથી લઈને મોતીઓ અને ઘુંઘરુંના આકર્ષક કોમ્બિનેશનવાળી ડિઝાઇનનો સમાવેશ થાય છે. એવું કહેવાય છે કે, આવી સફેદ મોતીની પાયલ પહેરવાથી માનસિક શાંતિ અને પોઝિટિવ વાઇબ્સ મળે છે.

